**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૮૨ ટકા

# રંગતાળી...રંગતાળી... કિસાનનગરમાં ગરબાની ધૂમ જામી





ગાંધીનગર, તા.૨૨
આવી આસોની રઢિયાળી રાત મોરી મા... સોનલ ગરબો શીરે અંબે મા... ચાલો ધીરે ધીરે... નવરાત્રિના પ્રથમ દિવસથી જ ગાંધીનગરમાં ગરબાની રમઝટ જામી છે, શહેરના સેકટર-૨૬ ખાતે કિસાનનગર વસાહતમાં આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પહેલા દિવસે જ યુવાનો-યુવતિઓ સહિત તમામ ઉંમરના નાગરિકો હોંશે હોંશે ગરબે ઘુમ્યા હતા અને મા જગદંબાની આરાધના કરી હતી.

સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળ દ્વારા વર્ષોથી નવરાત્રિ ચોકમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે અહીં વિશાળ સ્ટેજ, નયનરમ્ય લાઈટીંગ, મહિલા પુરુષોને ગરબા અલગથી ગાવાની વ્યવસ્થા અને બાળકો પણ છુટથી સુરક્ષિત રીતે ગરબા રમી શકે તેવી સુવિધા આયોજકો દ્વારા ઉભી કરાઈ છે. આ મહોત્સવમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે હેતુથી સીસીટીવી કેમેરા દ્વારા ચાંપતી નજર રહે તેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર નવરાત્રિ મહોત્સવ દરમિયાન ખેલૈયાઓના આનંદ માટે વિવિધ જાણીતી મ્યુઝિકલ પાર્ટીઓની પણ સેવાઓ નિયત કરવામાં આવી છે.

નવરાત્રિના પહેલા દિવસે કિસાનનગર ચોકમાં ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જેમાં બાળકો, મહિલાઓ, યુવાનો-યુવતિઓ સહિત વડિલો પણ ગરબામાં જોડાયા હતા અને આનંદથી ભકિતભાવપૂર્વક ગરબે ઘુમ્યા હતા. જુગલબંધી મ્યુઝિકલ પાર્ટી દ્વારા અર્વાચીન તથા પ્રાચીન બંને પ્રકારના ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી.

## સીસીટીવી કેમેરાની ચાંપતી નજર

કિસાનનગરના ગરબામાં ખેલૈયાઓના આનંદ સાથે મહિલાઓ-બાળકોની સલામતી હેતુસર પહેલીવાર ગરબા ગ્રાઉન્ડને સીસીટીવી કમેરાના કવરેજથી સજ્જ કરવામાં આવ્યું છે. સીસીટીવી કેમેરાને કારણે કોઈ અનિચ્છનીય બનાવ બને તો તાત્કાલિક યોગ્ય દિશામાં પગલાં ભરી શકાશે તથા શાંતિ ડહોળવા માંગતા અસામાજિક તત્વો પર નિયંત્રણ સાધી શકાશે તેવું કિસાનનગર વસાહત મંડળના પ્રમુખે જણાવ્યું હતું.

## જેસીઆઈ દ્વારા આઈટીઆઈ સંસ્થામાં વ્યકિત વિકાસની ૬ ટ્રેનીંગ યોજાઈ




ગાંધીનગર, તા.૨૨
આજનું યુવાધન આવતીકાલના દેશના ઘડતર માટે સુસજજ બને તે માટે વ્યકિત વિકાસના ઘડતર સાથે જોડાયેલી જેસીઆઈ સંસ્થા દ્વારા તાજેતરમાં આઈટીઆઈ સે-૧૫ ખાતે ત્રણ દિવસ સુધી વિવિધ વ્યકિત વિકાસના વિષયો પર ટ્રેનીંગનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાવર ઓફ પોઝીટીવ એટીટયુડ, કોમ્પ્યુનીકેશન સ્કીલ, ટાઈમ મેનેજમેન્ટ, ઈન્ટરવ્યુ સ્કીલ, કનફલીકટ મેનેજમેન્ટ અને ખાસ બહેનો માટે સફળ બીઝનેસ વુમન તેમજ આરોગ્ય જાળવણી જેવી અગત્યની ટ્રેનીંગ વાઈબ્રન્ટ ટ્રેનરો જેવા કે જેસીઆઈ પ્રમુખ ઝોન ટ્રેનર ડો.પરાગી ગાંધી, પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી, સુધા અગ્રવાલ અને ઝોન ઉપપ્રમુખ દર્શન મહેતા દ્વારા સફળતાપૂર્વક ટ્રેનીંગ આપવામાં આવી હતી. પ્રિન્સીપાલ ભરત નાયક, તથા કો-ઓર્ડીનેટર કલ્પના બેન મોદી દ્વારા જેસીઆઈ પ્રમુખ ટ્રેનરો, જેસી ફાલ્ગુની ભાવસારનો પોતાની સંસ્થાના યુવાનોને વ્યકિત વિકાસના ઘડતર માટેની ટ્રેનીંગ આપવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## નાની દશકોશી અઢારગામ વણકર સમાજની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરના શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ દ્વારા આગામી તા. ૧લી ઓકટોબરે સવારે ૧૦ કલાકે અમદાવાદ ખાતેના સમાજભવનમાં સમાજની સામાન્ય સભાનું આયોજન કર્યું છે. આ સામાન્ય સભામાં જ્ઞાતિ બંધારણમાં સુધારો વધારો કરવા બાબતે, ચેરિટિ કમિશનરમાં જ્ઞાતિ સમાજનું રજીસ્ટ્રેશન કરાવવા બાબતે સમૂહ લગ્નન આયોજનની વિચારણા બાબતે, ગ્રામ પ્રતિનિધિઓની ખાલી પડેલ જગ્યાએ નવા પ્રતિનિધિઓની નિમણુંક કરવા બાબતે તથા સભ્યો તરફથી અન્ય સલાહ સૂચનો અંગે ચર્ચા હાથ ધરાશે. સભ્યોને તેમના સૂચનો તા. ૨૪મી સપ્ટેમ્બર સુધીમાં સમાજભવન ખાતે મોકલી આપવા દશરથલાલ પરમારે જણાવ્યું છે.

## ‘સ્વચ્છતા’ અભિયાન માટે જનક ઠકકર બન્યા ગાંધીનગરના ‘બ્રાન્ડ એમ્બેસેડર’

ગાંધીનગર, તા.૨૨
‘સ્વચ્છ ભારત’ અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હમણાં જ ગાંધીનગરના ‘બ્રાન્ડ એમ્બેસેડર’ તરીકે જનક ઠકકરની નિમણુંક કરવામાં આવી છે.



જનકભાઈ ઘણી ગુજરાતી ફિલ્મોમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરી ચુકયા છે. ઘણી હિન્દી તથા ગુજરાતી સીરીયલમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી ચુકયા છે અને હાલમાં તેમની કલર્સ ગુજરાતી પર આવતી સિરીયલ ‘સુરી’ કે જેમાં તેઓ મુખ્ય અભિનેતા તરીકે કામ કરી રહ્યા છે. જે હાલ ગુજરાતની નં.૧ સિરીયલ તરીકે ચાલી રહી છે.

સ્વચ્છતા અંગે જનકભાઈ કહે છે કે સ્વચ્છતાની શરૂઆત આપણે આપણા ઘરથી ચાલુ કરી પછી સોસાયટી, પછી ગામ, પછી મહાનગર, પછી જિલ્લો પછી રાજય અને પછી દેશ. નરેન્દ્રભાઈ મોદીએ જે સ્વચ્છતાનું બીડું ઉપાડયું છે એનાથી હું અને આખું કલા જગત ખુબ જ પ્રભાવિત થયું છે.

હું ગાંધીનગર સ્વચ્છતા અભિયાનના ‘બ્રાન્ડ એમ્બેસેડર’ તરીકે સૌથી પહેલા સ્વચ્છતાની શરુઆત મારી આજુબાજુના વિસ્તારથી કરીશ. મહાનગરપાલિકા સાથે મળીને જે લોકો જાગૃતિના કાર્યો ઈચ્છતા હશે તે ટુંક સમયમાં કરવામાં આવશે.

‘હેપ્પી સ્ટ્રીટ’ના માધ્યમથી ઘણા લોકો દ્વારા જાગૃતિના કાર્યક્રમો આગળ થયા છે. પણ એને કઈ રીતે વેગ મળે એવા મનોરંજનના માધ્યમથી લોકો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોંચે એવા પ્રયત્નો બહુ જલ્દી કરવામાં આશે.

આવા કાર્યક્રમોમાં ગાંધીનગરના યુવાનોનો સપોર્ટ લેવામાં આવશે અને બીજા અનેક વિવિધ કાર્યક્રમો આગળના સમયમાં નક્કી કરવામાં આવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**કીર્તિકુમાર ઉપાધ્યાય**

**ગાંધીનગર ગમે**
શહેર જેવી સગવડો છતાં શહેર જેવી ધાંધલ-ધમાલ કે પ્રદૂષણ નહિ એવું ગાંધીનગર મારી કર્મભૂમિનું શહેર હોવાથી પણ મને ગમે છે.

**નગરજનો**
રાત્રે વહેલા સૂઈ સવારે વહેલા ઊઠનારા અને શિસ્તપૂર્ણ નિયમિત જીવન જીવતાં નગરજનો આ શહેરની ઘટમાળમાં જોડાઈ ગયા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નિસર્ગ સાયન્સ સૅન્ટર, સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ગુજરાત, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ભારત વિકાસ પરિષદ, ટાટા બિલ્ડીંગ ઍસો કૉમ્પિટીશન, આત્મન ફાઉન્ડેશન, જ્યોતિ મહિલા મંડળ, ગાંધી મિત્ર વર્તુળ, લાયન્સ ક્લબ, રૉટરી ક્લબ, કલ્ચરલ ફોરમ, કલાગુર્જરી વગેરે સંસ્થાઓના કાર્યક્રમ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા અને સ્વયંશિસ્તની આવશ્યકતા વર્તાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**
વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સહાય શહેરને આપવા માટે હું તત્પર છું.

# નવીન શાહની હત્યા કેસનો મુખ્ય સૂત્રધાર મૌનિક પટેલ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨
નવનીત પ્રકાશનના ડાયરેક્ટર નવીન શાહના ચકચારી હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલ.સી.બી એ અત્યાર સુધી પ્લાન ઘડનાર શૈલેષ પટેલ સહિત તેમા અલગ અલગ રીતે મદદ કરી ગુનાને અંજામ આપનાર જીગ્નેશ ભાવષાર, રમેશ પટેલ, ઉત્પલ પટેલ અને બંકિમચંદ્ર મળીને પાંચની ધરપકડ કરી હતી. આ ગુનામાં હજુ પણ ત્રણ શખ્સો નાસતા ફરતા હતા જે પૈકી આ હત્યા જે સફારી ગાડીમાં થઈ તે ગાડીનો માલીક મુખ્ય સુત્રધાર મૌનિક પટેલને પોલીસે ઝડપી પાડવામાં આવ્યો છે. મૌનિકને કોર્ટમાં રજુ કરતા કોર્ટે આઠ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. જેને આધારે એલ.સી.બીની ટીમે ઉંડી પુછપરછ શરુ કરીને ફરાર અન્ય બે આરોપીઓને દબોચી લેતા તપાસ તેજ કરી છે.

નવીન શાહના અપહરણ બાદ તેમના પરિવારજનો પાસેથી ખંડણીની માંગણી અપહરણકારો કરે તે પહેલા જ નવીન શાહનું મૃત્યુ થઈ ગયુ હતુ. સફારી ગાડીમાં અપહરણ કરી નવીન શાહને કેનાલ તરફ લઈ જવાયા ત્યારે આ ગાડીમાં બેઠેલા પાંચ શખ્સો પૈકી હજુ બે શખ્સો શૈલેષ અને રમેશ પકડાયા છે. તે ઉપરાંત ફોન કરીને નવીન શાહને બોલાવનાર બંકિમચંદ્ર અને આ ગેંગને નવીન શાહની માહિતી આપી પ્લાન આપનાર પુર્વ કર્મચારી જીગ્નેશ ભાવષાર એલ.સી.બી નાં હાથે ઝડપાઈ ગયા છે. તો બીજી તરફ સફારી ગાડીમાં અપહરણ થયુ ત્યાર બાદ જો રૂપિયા લેવા જવાનું થાય કે બીજી ગાડીની જરૂર પડે તો બહારથી મદદરુપ થનાર સે-૨૨નાં ઉત્પલ પટેલને પણ એલ.સી.બી એ દબોચી લીધો હતો. સફારીમાં બેઠેલા પાંચ આરોપીઓ પૈકી બે પકડાયા હતા જ્યારે અન્ય ત્રણ પોલીસથી નાસતા ફરતા હતા. આ ફરાર ત્રણ શખ્સો પૈકીનો એક શખ્સ મુખ્ય સુત્રધાર કુડાસણ સ્થિત મિયામી હુક્કાબારનો માલીક અને સે-૪ સી પ્લોટ નં.૧૨૮૯/૨ ખાતે રહેતો મૌનિક રમણભાઈ પટેલ આખરે એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમનાં નરેન્દ્રસિંહ અને યજુવેન્દ્રસિંહે પકડી પાડયો છે. એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહિતે જણાવ્યુ છે કે આ મૌનિક પટેલની સફારી ગાડીમાં જ નવીન શાહનું અપહરણ અને ખુન થયુ હતુ. સફારી ગાડીમાં બ્લેક ફિલ્મ લગાવી નંબર પ્લેટ બદલીને ગુનો આચર્યો હતો અને મૌનિકે જ હવામાં ફાયરિંગ કર્યુ હતુ. તે ઉપરાંત નવીન શાહની હત્યા બાદ મૃતદેહ પણ માલપુરની અવાવરુ જગ્યાએ ફેંકી દીધો હતો. મૌનિકને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેની ઉંડી પુછપરછ માટે ૮ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આ ગુનામાં નાસતા ફરતા અન્ય બે સુત્રધારો શંકર ઉર્ફે બોડો રાજેન્દ્ર ગોસ્વામી અને સે-૧ ગાયત્રી મંદિર પાસે રહેતો પરિન ઉર્ફે પ્રવિણ જગદિશચંદ્ર ઠક્કરની ધરપકડ માટે એલ.સી.બીની ટીમે દોડધામ શરુ કરી છે.




## પાલજ રબારી વસાહતમાં ગંદકીનું સામ્રાજય

ગાંધીનગર, તા.૨૨
પાલજ ગામના રબારી વસાહતમાં ગંદકીના સામ્રાજયથી લોકો ત્રાસી ગયા છે. અહીંયા સફાઈ કામ કરવા કોઈ આવતું નથી. બિમારી અને રોગચાળો ઘરે ઘરે છે. ગંદુ પાણી આવતું હોવાથી પીવાલાયક ચોખ્ખું પાણી નથી. વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. ૧૦ દિવસમાં સફાઈ અને પીવાના પાણીનો પ્રશ્ન હલ નહીં થાય તો વસાહતીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

## આજે સુભાષ ભટ્ટનું ‘જીવન વિદ્યા’ પર વકતવ્ય

ગાંધીનગર, તા.૨૨
પ્રા. શ્રી તપ્નસિંહજી પરમાર (ગુરુજી) વ્યાખ્યાનમાળા મણકો ચોથો ‘જીવન વિદ્યા’ વિષે સુભાષભાઈ ભટ્ટ ભાવનગરની ઘરશાળા હાઈસ્કૂલમાં અંગ્રેજીના નિવૃત્ત શિક્ષક ‘અનહદ બાની’ નામથી નવનીત સમર્પણમાં લખે છે. જીવન સાધનાની વિભિન્ન કેડીઓમાંથી જીજ્ઞાસાથી ફરતા અધિકારથી પ્રવર્તતા અનેક પથના યાજ્ઞિક છે. તેમનું વકતવ્ય તા. ૨૩મી સપ્ટેમ્બર સાંજે પાંચ વાગે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ, હનુમાન મંદિર પાસે સેકટર-૧૭માં યોજાશે. મહેન્દ્રભાઈ ત્રિવેદી, વી.એસ. ગઢવી, અશોકસિંહ પરમાર આ કાર્યક્રમની સફળતા માટેના સુકાની છે.

## ગ્રામભારતી અમરાપુરમાં ‘ગાંધી જીવન દર્શન’ વિષે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૨૨
ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ બપોરે સાડા ત્રણ વાગે જાણીતી સર્વોદય સંસ્થા ગ્રામ ભારતી અમરાપુર ખાતે સંસ્થાના પ્રમુખ ‘ગાંધી જીવન દર્શન’ વિષે વાર્તાલાપ કરશે.

આ સંસ્થાના શૈક્ષણિક સંકુલમાં આવેલ વિદ્યાર્થીઓ ભાગ લેશે. ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર તરફથી સંસ્થાને ગાંધીજીની આત્મકથા ભેટ આપવામાં આવશે તેમ ગાંધી મિત્ર વર્તુળના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવેલ છે.

# આજે ત્રીજા નોરતે તેજસ્વી સ્વરૂપ મા ચંદ્રઘટાના પૂજન અર્ચન

## આજે કળશ અથવા મંદિરનો ઘંટ દાન આપી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી જાય છે

ગાંધીનગર, તા.૨૨
સર્વ લોકની આદ્ય શકિત મા જગંદબાની ભકિતમાં કચાશ રહી ન જાય તેવી આકરી તપસ્યા સાધકો દ્વારા થઈ રહી છે. જેમાં મા જગદંબાના બે સ્વરૂપના પૂજન અર્ચન કરી શ્રધ્ધાળુ માતાજીની કૃપા મેળવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. આજે ત્રીજા નોરતે માતૃશકિતના અત્યંત તેજસ્વી સ્વરૂપ મા ચંદ્રઘટાના પૂજન અર્ચન કરવામાં આવશે. મા ભગવતીની અમી દષ્ટિ સદાય પ્રાપ્ત કરવા નવરાત્રી દરમિયાન દરેક સ્વરૂપોનું પૂજન અર્ચન અને ઉપાસના જ શ્રેષ્ઠ અને સચોટ ઉપાય હોવાનું શાસ્ત્રોમાં વર્ણવાયું છે.

ત્રીજા સ્વરૂપ એવા મા ચંદ્રઘટા શકિત અને તેજસ્વી સ્વરૂપે બિરાજમાન છે. જેમાં દસ ભૂજાધારી માતાજી પ્રસન્ન મુદ્રામાં નજરે પડે છે. માતાજીના માથા ઉપર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે. જેથી આ સ્વરૂપને ચંદ્રઘટા કહેવાય છે. દસ હાથ અને ત્રણ આંખધારી માતાજીના આઠ હાથમાં શસ્ત્ર છે જયારે બે હાથથી માતાજી આર્શીવાદ પ્રદાન કરે છે. સિંહ ઉપર સવાર મા ચંદ્રઘટાનું રૂપ યુધ્ધ માટે તૈયાર હોય તેવી પ્રતિતિ કરાવે છે. માતાજી સમક્ષ રહેલા ઘંટના પ્રચંડ ધ્વનિથી અસુર તથા રાક્ષસ ભયભીત રહે છે. માતાજીનું આ રૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી છે. આ સ્વરૂપના પૂજનથી આધ્યાત્મિક અને આત્મિક શકિત પ્રાપ્ત થાય છે. માતાજીના શરીરનો રંગ સોના જેવો ચમકીલો છે જેથી અત્યંત તેજસ્વી લાગે છે. માતાજીના આ સ્વરૂપના પૂજન પછી મહિલાઓને ઘરે બોલાવી ભાવપુર્વક ભોજન કરાવવાનો મહિમા છે અને કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી માતાજી પ્રસન્ન થાય છે અને આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી જાય છે. વધુમાં આ સ્વરૂપના પૂજનથી પાપ દુર થઈ બળ પ્રાપ્ત થાય છે. તેમજ સ્વરમાં અલૌકિક દિવ્ય મધૂરતા પેદા થાય છે. માતાજીના તમામ સ્વરૂપોના નવરાત્રી દરમિયાન પૂજન અર્ચનથી ઈચ્છિત મનોકામના પુર્ણ થાય છે.




## @ગાંધીનગર

**ત્રીજું નોરતું**

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે જુગલબંધી ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે બટુકલાલ એન્ડ પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ આર.કે. ગૃપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પૃથ્વી આશીર્વાદ ગૃપ કોલવડા દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે ટહુકો મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ભાણાભાઈ મ્યુઝીકલ ગૃપ પેથાપુર દ્વારા ગરબાની રંગત જામશે.

●●●●●

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પટેલ સવિતાબેન વિષ્ણુભાઈ વૈદેહી રેસીડેન્સી, શાલીન-૨ની પાછળ, બ્લોક નં. ઈ ૨૦૩ વાવોલ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન નીરૂબેન પરમાર સે-૧૪ પ્લોટ નં. ૧૩૯/૨ ખાતે યોજાશે.

● એલ.પી.જી. પંચાયત યોજના અન્વયે ઈસનપુર મોટા તા.જી. ગાંધીનગર ખાતે બપોરે ૨ કલાકે પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળની ગાંધીનગરની માસિક બેઠક સાંજે સાડા ચાર વાગે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

## વાતવાતમાં

● સેકટર-૧૧માં એક નવરાત્રિ પાર્ટી પ્લોટમાં પ્રથમ નોરતે ઉદઘાટન માટે પધારેલા મુખ્યમંત્રીના કોન્વોયને આડે એક બાઈક સવાર આવી જતા સામાન્ય ટકકર થવા પામી હતી. આ ટકકરના પગલે ઘટના સ્થળે થોડો ઉહાપોહ મચ્યો હતો પરંતુ અંતે ઘીના ઠામમાં ઘી રહેવા પામ્યું હતું.

● મા આદ્યશકિતના પર્વ નવરાત્રિ પર્વે સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં પાર્કિંગ સ્ટાફ દ્વારા નવરાત્રિ નિમિત્તે પાર્કિંગ લોટમાં સુંદર ગબ્બર બનાવી માતાજીનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ ગબ્બરે પાર્કિંગ કર્મચારીઓ દ્વારા સવાર-સાંજ દીવાબત્તી સાથે આરતી કરી પ્રસાદ પણ વહેંચવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. રેખાબેન રમણલાલ શાહ, ઉ.વ. ૬૫
- સ્વ. પટેલ છનાભાઈ અંબારામ, ઉ.વ. ૬૩
- સ્વ. હરખુબેન રઈજીજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. પાલીબેન બાપુજી ચૌહાણ, ઉ.વ. ૬૨
- સ્વ. બાજાજી સાંકાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. મીત કલ્પેશભાઈ પટેલ, ઉ.વ. ૨૦